# મહેસાણા કોંગ્રેસમાં ભૂકંપ

મહેસાણા, તા. ૨૦

મહેસાણા કોંગ્રેસ શાસિત નગરપાલિકાના મહિલા પ્રમુખની કથિત મનમાનીથી તંગ આવી જઈને આજે પાલિકાના કુલ ૨૯ સભ્યો પૈકી કોંગ્રેસના ૧૭ નગરસેવકોએ સામુહિક રાજીનામા આપી દેતાં કોંગ્રેસમાં ભૂકંપ સર્જાયો છે.

**મહેસાણા નગરપાલિકા પ્રમુખની મનમાનીથી તંગ કોંગ્રેસના ૧૭ નગર સેવકોના સામુહિક રાજીનામા**

મહેસાણા નગરપાલિકામાં ૨૩ વર્ષ બાદ કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા અને પાલિકામાં મહિલા પ્રમુખ તરીકે નિયમિષાબેન એ. પટેલે ચાર્જ સંભાળ્યો હતો. બાદ પાલિકા પ્રમુખની કહેવાતી મનમાનીથી નારાજ થઈને આજે મહેસાણા પાલિકાના પક્ષના નેતા રમેશભાઈ પટેલ, પાલિકાના ઉપપ્રમુખ જયદીપસિંહ ડાભી, કારોબારી સમિતિના અધ્યક્ષ ભરતભાઈ કે. પટેલ તેમજ મહત્વની સમિતિઓના ચેરમેનો સહિત કુલ ૧૭ નગર સેવકોએ રાજીનામુ આપતા પક્ષ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખને ઉદ્દેશેની મોકલી આપતા કોંગ્રેસમાં ભૂકંપ સર્જાયો છે.

૧૭ નગર સેવકોએ આપેલ રાજીનામાના પત્રમાં જણાવ્યું છે કે મહેસાણા શહેરમાં કોંગ્રેસ શાસિત પાલિકામાં પક્ષના સભ્યોના છેલ્લા છ માસથી વિકાસલક્ષી કામો થતા નથી. પાલિકાના પ્રમુખ નિમિષાબેન પટેલ અમારા વોર્ડના વિકાસની વાત સાંભળવતા નથી. આ અંગે અમોને હેરાનગતી છે, અમારા વિસ્તારના લોકો પણ મુશ્કેલીમાં છે તેઓની અમારી પાસેની અપેક્ષાઓ નિષ્ફળ જવાથી અમો પાર્ટીના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપીએ છીએ.

આ બાબતે છેલ્લા છ માસથી પ્રદેશ તથા જિલ્લાના હોદ્દેદારો તથા આગેવાનોને વારંવાર આ વાતથી વાકેફ કરેલ છે. તેમ છતાં પાર્ટીએ કોઈ નિર્ણય ન કરતાં આ પગલુ ભરવાની ફરજ પડી છે.



## લ્યો બોલો, મોડાસાની શાળામાં મુખ્યમંત્રીએ વાવેલ છોડ બે જ દિવસમાં પશુ ખાઈ ગયા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૭ જૂન શુક્રવારના રોજ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શહેરી વિસ્તારોમાં સરકારનો કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ સંદર્ભે શહેરની સર્વોદયનગર શાળામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીએ પર્યાવરણ બચાવો વૃક્ષ વાવો અભિયાનને વેગ આપવા સર્વોદયનગર પ્રાથમિક શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે શાળાના મેદાનમાં સરગવાનો તેમના હસ્તે છોડ રોપ્યો હતો. વનવિભાગ તંત્રની નબળી કામગીરી વૃક્ષારોપણ કાર્યક્રમમાં રહેતા મુખ્યમંત્રીએ વાવેલ સરગવા સહિત અન્ય ૩૦ જેટલા છોડની ફરતે ટ્રી ગાર્ડ તારની સેફ્ટી ન મારતા આ છોડના પાંદડાઓ પશુઓએ ચરી જતા મુખ્યમંત્રીએ વાવેલ છોડની કાળજી લેવામાં પણ વન વિભાગ ઉણુ ઉતરતા વનપ્રેમીઓમાં વનવિભાગ સામે ઉગ્ર રોષ ફેલાયો હતો. ત્યારે શહેરીજનોમાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો અને અંદરોઅંદર ચર્ચા કરતા હતા કે વન વિભાગ તંત્ર દ્વારા મુખ્યમંત્રીએ રોપેલ છોડ ન સાચવી શકાય તો અન્ય વનરાજી કે પર્યાવરણનું રક્ષણ કઈ રીતે કરતા હશે.




## ધાનેરામાં દેના બેંકના એટીએમને જોવા મળે છે કાયમી તાળા

ધાનેરામાં દેના બેંક દ્વારા રેલ્વે સ્ટેસન પાસે એ.ટી.એમ લગાવામાં આવ્યું છે પણ જયારે આ એ.ટી.એમ ને જુવો ત્યારે તાળા જોવા મળે છે અને લોકો કામ માટે બેંક માં જાય તો પણ ધક્કા ખાવા પડે છે એ.ટી.એમ ઉપર ૨૪ કલાક ની સર્વિસ વાળા લેબલ લગાવામાં આવ્યા છે પરંતુ આ એ.ટી.એમ ને ૨૪ કલાક તાળા મરેલા જોવા મળે છે અને ત્યાં રહેલા ગર્દ ને પૂછવામાં આવે તો આજે મશીન બગડી ગયું છે। ....આજે મશીન માં પૈસા નથી તેવા લોકો ને જવાબ સાંભળવા પડે છે દેના બેંક ની આવી સર્વિસ થી અત્યારેતો લોકો ત્રાહિમ પોકારી ઉઠ્યા છે જેથી લગતા વળગતા અધિકારી જાગે અને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# ધનસુરા પંથકના ભૂમાફીયા-કારખાનેદાર સામે કાનૂની કાર્યવાહી આરંભાઈ

ધનસુરા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના મુખ્ય મથક ખાતે ક્વોરી મશીનરી ઉત્પાદનનું યુનિટ ધરાવતા અને બોરવાઈ બોગસ દસ્તાવેજ કાંડથી પ્રખ્યાત એવા શખ્સ સામે મહેસુલ ખાતામાં અનેક ફરીયાદો થયેલ પરંતુ ભ્રષ્ટ રીત રસમો અને નાણાંના જોરે પોતાની સામેની કાર્યવાહી અટકાવી દેવામાં કુશળ ગણાતો શખ્સ ફરી એકવાર કાનુની સકંજામાં આવી જતા ધનસુરા પંથકમાં ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે.

સમગ્ર બાબત એવી છે કે ધનસુરાની એક પ્રસિદ્ધ શાળાના સંચાલક પટેલ મુકેશભાઈ બી. સાથે વિશ્વાસ કેળવી ધનસુરાના બુટાલ પંથકમાં ક્વોરી મશીનરી ઉત્પાદનનું યુનીટ ધરાવતા પંચાલ કલ્પેશ કાન્તીભાઈ સબંધ કેળવી વિશ્વાસમાં લઈ રૂ. ૭,૫૦,૦૦૦ રૂપિયા ઉછીના મેળવી થોડાક સમયમાં પરત આપવાની ખાત્રી આપી પરંતુ બદ દાનત ધરાવતા આ શખ્સે પૈસા પરત કરવાને બદલે તેટલી રકમનો કેનેરા બેંક ધનસુરા શાખાનો ચેક આપેલ જે ચેક તા. ૨૫-૪-૨૦૧૬ના રોજ રજુ કરતાં બેંક દ્વારા જણાવેલ કે આરોપીએ બેંક એકાઉન્ટ સ્ટોપ કરાવેલ છે. એક તરફ ચેક આપી બીજી તરફ એકાઉન્ટ સ્ટોપ કરાવવાથી પોતે લેણી રકમ આપવા માગતા ન હોય અને કારખાનેદારનું કૃત્ય ગેરકાયદેસર વિશ્વાસઘાત અને છેતરપીંડીવાળુ લાગતા ફરીયાદી મુકેશભાઈ બી. પટેલ વકીલ મારફતે ડીમાન્ડ નોટીસ આપી છતાં પણ આરોપીએ ફીયાદીની લેણી રકમ ન ચૂકવતા ફરીયાદએ પોતાના એડવોકેટ મારફતે મે. ધનસુરા જ્યુ. ફ.ક. મેજી.ની કોર્ટમાં તા. ૧૫-૬-૨૦૧૬ના રોજ નેગોશીએલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ક્રીમનલ કેસ નં. ૪૬૦/૨૦૧૬થી ફરીયાદ દાખલ કરી આરોપી પંચાલ કલ્પેશભાઈ કાન્તીભાઈ સામે કાનુની કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધી કાનુની કાર્યવાહીમાંથી છટકી જતા શખ્સને શેર ને માથે સવાશેર મળ્યા હોય તેમ અદાલત દ્વારા ફરીયાદ થતાં ભૂમાફીયાના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવું જણાય છે.

ભૂતકાળમાં આ શખ્સના કારખાનામાં કામદારે કરેલ શંકાસ્પદ આપઘાત પ્રકરણમાં પણ નવેસરથી પોલીસ તપાસ ઉભી થવાની શક્યતાઓ નકારી શકાતી નથી.

ધનસુરા પંથકમાં માલેતુજાર એવા ગણાતા કારખાનેદાર સામે કાનુની કાર્યવાહી આરંભાતા અસામાજીક પ્રવૃત્તિ આચરતા તત્વોમાં ભયની લાગણી ફેલાઈ છે.

# સાબરકાંઠા જિલ્લાના ૧૯૦૦ જેટલા કેન્દ્રો પર યોગ નિદર્શન

## હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી કરાશે : ૮ હજારથી વધુ લોકો યોગમાં જોડાશે

હિંમતનગર, તા. ૨૦

સરકાર દ્વારા ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જેથી સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૯૦૦ જેટલા કેન્દ્ર પર યોગ નિદર્શન કરવામાં આવશે. મંગળવારે હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ અંગે જિલ્લા કલેકટર કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ દિવસની ઉજવણી કરવા માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તમામ શાળાઓને યોગની સીડી કેસેટ આપવામાં આવી છે. આ કેસેટમાં તમામ પ્રકારના યોગ નિદર્શન બનાવવામાં આવે છે. જેથી શાળા, કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રેકટિસ કરાવવામાં આવશે. વિશ્વ યોગ દિનની ઉજવણી પ્રસંગે જિલ્લાભરમાં આવેલી પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, કોલેજો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ મળી કુલ ૧૯૦૦ જેટલા કેન્દ્રો પર યોગ નિદર્શન કરવામાં આવશે. જેમાં જિલ્લાના નાગરિકોને ભાગ લેવા જિલ્લા કલેકટર પી.સ્વરૂપ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં ૨૧ જૂન ૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૬-૩૦ કલાકે હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરાશે. જેમાં રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહેશે. હિંમતનગર ખાતે યોજાનાર યોગ કાર્યક્રમમાં ૮ હજારથી વધુ લોકો ભાગ લેશે. જેને સફળ બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.




## ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે નવો કીમિયો : ગેસના ટેન્કરમાં લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો

ગુજરાત માં દારૂ ઘુસાડવા માટે હર હમેશા બુટલેગરો નવા નવા કીમિયા અજમાવતા હોય છે જો કે આજે બનાસકાંઠા માં આર આર સેલ ભુજ દ્વારા ગેસ ના ટેન્કર માં લાખો રૂપિયા નો દારૂ ગુસડતા પહેલા ઝડપી લેવાયો છે। પૂર્વ બાતમી આધારે બનાસકાંઠા જિલ્લાના થરાદ વાવ હાઈવે રોડ ઉપર કેશરકૃપા હોટલની સામે નાકાબંધી કરી ઉઁ..ય્ફ્જ લખેલ ટેન્કર નંબર ય્ત્ન-૬-રૂ-૭૨૯૯ ની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૪૦૪ પેટી મળી આવી હતી જેમાં બોટલ નંગ-૧૮૯૬૦ કિંમત રુપિયા ૧૮,૯૬,૦૦૦/- તથા ટેન્કર ૧૦,૦૦,૦૦૦/- મળી કુલ કિંમત રુપિયા ૨૯,૦૦,૦૦૦/-નો મુદામાલ ઝડપાયો છે તેમજ ટેન્કરચાલક બાબુલાલ વિષ્નોઈ ની અટકાયત કરાઈ છે। ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલા ટેન્કર માં દારૂ ઝડપવા નો આ પ્રથમ બનાવ છે તેમજ એચ પી ગેસ લખેલા કેટલાય ટેન્કર ગુજરાત થી રાજસ્થાન તેમજ રાજસ્થાન થી ગુજરાત માં આવે છે તેવા સમયે ટેન્કર માં થી દારૂ ઝડપાતા એક સમય માટે તો પોલીસ પણ ચોકી ઉઠી છે ત્યારે હાલ માં પોલીસે આરોપી ને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે।




અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાનો રવિવારે સાંજના ૫ કલાકે જેસીઝ હોલમાં ટીમ ૨૦૧૬નો શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો. મહંતશ્રી ધનેશ્વરગીરી બાવજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ શપથવિધિ સમારોહમાં પ્રમુખ અનીશ કાવડીયા, યજ્ઞેશ શાહ (ડી.એ.), અંકીત પટેલ (ઉપપ્રમુખ), ધર્મેન્દ્રકુમાર ત્રિવેદી (ઉપપ્રમુખ) તેમજ મુકુન્દકુમાર શાહ (ડી.એફ.) શપથ ગ્રહ કરી આગામી વર્ષમાં ગરીબલોકો અને જરૂરીયાતમંદવાળા લોકોને મદદરૂપ થવા તેમજ પર્યાવરણ બચાવો અને ભ્રૂણ હત્યા અટકાવવા વિશેષ કાર્યક્રમો પર ધ્યાન આપવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ શપથવિધિ કાર્યક્રમમાં કમલેશભાઈ શાહ (પ્રમુખ જા.ઈ. ફેડરેશન ૩સી), વી.કે. પટેલ (સેન્ટ્રલ કમીટી મેમ્બર (ઈન્ટરનેશનલ), જગદીશભાઈ ચૌહાણ (સામાજીક કાર્યકર), નિલેશભાઈ જોષી (જીવદયાપ્રેમી), સુરેન્દ્રસીંહ રાઠોડ (ચકાચક બાપુ), પૂર્વ પ્રમુખ રાકેશ પટેલ, ડૉ. સંતોષ દેવકર તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોએ ટીમ ૨૦૧૬ને અભિનંદન પાઠવ્યા હતા.

## રૂપાલ ઝાંઝરી માતાજી મંદિરે નવચંડી યજ્ઞ યોજાયો

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના રૂપાલ ગામના પ્રાચીન ઝાંઝરી માતાજીના મંદિરે મહંત યોગી મહારાજની નિશ્રામાં રવિવારે રૂપાલ કંપાના અગ્રણી ગંગારામભાઈ કરશનભાઈ પટેલ પરિવારના મુખ્ય યજમાન પદે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેમજ રાત્રે ગણેશ યુવક સેવા મંડળ દ્વારા બીરજુ ભગતની ઉપસ્થિતિમાં ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ઉનાવા ગામે વારંવાર થતી જૂથ અથડામણને કારણે અશાંતિનો માહોલ : રહિશોમાં ભયની લાગણી

ઊંઝા, તા. ૨૦

ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા કેટલાક વખતથી મુસ્લિમોના બે જૂથો વચ્ચે અવારનવાર થતી જૂથ અથડામણોને કારણે ગામમાં અશાંતિના માહોલ વચ્ચે લોકો સતત ભય અને ફફડાટની લાગણી અનુભવી રહ્યા છે.

સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે દરગાહ વિસ્તારમાં લગભગ છ માસ પુર્વે લઘુમતી સમાજના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. થોડા સમયના વિરામ બાદ જૂની અદાવતે પુનઃ અથડામણ થતાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. બાદ જૂન માસના પ્રારંભથી છાશવારે બે જૂથો વચ્ચે નાના મોટા ઝઘડાઓ થઈ રહ્યા છે.

તાજેતરમાં ઉનાવા નજીકના પળી ગામના બે મુસ્લિમ વ્યક્તિને દરગાહ વિસ્તારમાં માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાની શાહી સૂકાઈ નથી ત્યાં ગઈકાલે ઉનાવા નજીકના ભાન્ડુ ગામે મુળ ઉનાવાના એક સૈયદ જ્ઞાતિના વ્યક્તિ પર હિંસક હૂમલો થયો હતો. જેના પગલે ગામમાં તંગદીલી સર્જાતા અશાંતિ ફેલાઈ છે. આવા અશાંતિના માહોલમાં સ્થાનિક પોલીસ દ્વારા અવારનવાર સત્તાના જોરે દંડો ઉગામીને દરગાહ વિસ્તારમાં તેમજ મેઈન બજારમાં આવેલ કેટલીક દુકાનોને બંધ કરાવી દેવામાં આવે છે. પરિણામે આ વિસ્તારના દુકાનદારો ભયના માર્યા દુકાનો ખોલી શકતા નથી.

ઉનાવાના તોફાનો સંદર્ભે છેલ્લા એક પખવાડીયા દરમિયાન લગભગ અડધો ડઝન જેટલી પોલીસ ફરિયાદો નોંધાયેલ છે. જેમાં પોલીસની કાર્યપદ્ધતિ સામે પણ ગંભીર પ્રકારના આક્ષેપો થઈ રહ્યા છે. મુસ્લિમોના બે જૂથો વચ્ચેની આંતરિક લડાઈને કારણે અત્રે વસવાટ કરતા કેટલાક માણસો ભયના માર્યા ગામમાંથી ક્યાંક બહાર નીકળી ગયા છે. આમ ઉનાવાની તંગદીલીભરી સ્થિતિને ધ્યાનમાં લઈને જિલ્લા વહિવટી અને ઉચ્ચ પોલીસ સત્તાધિશોએ તાકિદે જરૂરી પગલાં ભરવાનો સમય હવે પાકી ગયો છે.

## આજે મહેસાણા જિલ્લામાં પાંચ લાખ શિબીરાર્થીઓ યોગ દિવસમાં જોડાશે

મહેસાણા, તા. ૨૦

૨૧ જુન યોગ દિવસ જાહેર કરીને સમગ્ર વિશ્વમાં ભારતને આગવું સ્થાન મળ્યું છે. યોગ વિદ્યા એ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન છે. આજે સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વિશ્વ યોગ દિવસ અલગ કાર્યશૈલીથી યોજાય તે માટે ખાસ આયોજનો વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમારે વિશ્વ યોગ દિવસને વિશિષ્ટ અને અનોખી રીતે ઉજવવા માટે રાજ્યના વિવિધ જિલ્લાઓથી ભિન્ન આયોજન કર્યું છે.મહેસાણા જિલ્લામા મોઢેરા સૂર્યમંદિર, તાના-રીરી અને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એરક્રાફટથી ફુલવર્ષા તેમજ વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીનું આયોજન કરેલ છે.

મોઢેરા સૂર્યમંદિર ખાતે એરક્રાફટ દ્વારા ફુલવર્ષા યોગ દિવસના સવારે ૬-૪૫ થી ૭-૦૫ કલાકે, મહેસાણા જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૭-૧૫ કલાકથી ૭-૨૫ તેમજ તાના-રીરી સમાધિ સ્થળ ખાતે ૭-૩૫ કલાકથી ૭-૪૫ કલાક યોગ શિબિરાર્થીઓની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી એરીયલ શોટથી કરવામાં આવશે. પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં એરક્રાફટ દ્વારા "વિશ્વ યોગ દિવસનું બેનર ટોઈંગ કરાશે તેમજ એક્રોબેટીકલના શૉ નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## મોડાસા સહયોગ ચોકડી પાસે ટ્રકની ટક્કરે બાઈક ચાલક ગંભીર : પ્રજાજનોની સર્કલ બનાવવા માંગ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોમવારે વહેલી સવારે ટ્રક-બાઈક ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. દાહોદ તરફથી આવી રહેલા અને મોડાસા શહેરમાં શ્રમજીવી તરીકે જીવનનિર્વાહ ચલાવતા દાહોદનો યુવાન તેના વતન તરફ જઈ સોમવારે પરત ફરી રહ્યો હતો. ત્યારે મોડાસાના માલપુર રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીક પરપ્રાંતિય ટ્રકના ચાલકે ટ્રક ગફલતભરી રીતે હંકારી બાઈક સાથે અથડાવી દેતા બાઈકસવાર યુવાન નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત બાઈકચાલકને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા તાબડતોબ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સહયોગ ચોકડી પર વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતા સર્કલ બનાવવા ઉગ્ર માંગ કરી હતી. હાલ બાઈકચાલક યુવાનની સ્થિતિ સ્થીર હોવાનું જાણવા મળ્યું હતું.

